**રે.દિ.મુ.નં.૧૪૪/૧૩**

## -:: આંક-૫ લગત હુકમ ::-

(૧) આ કામના વાદીએ હાલની મનાઈ અરજી લાવી દાવાવાળી જમીનનો કબજો સને ૧૯૫૦ ની સાલથી તેઓ ધરાવતા હોય વાવેતર અને ઉત્પન્ન મેળવતા હોય આ કામના પ્રતિવાદી અધીકારીઓ કે તેમના નોકરો વાદીની દાવાવાળી મીલકત પરત્વે હરકત, હેલો, અંતરાય કરે કરાવે નહી, બળજબરીપુર્વક કબજો લે લેવડાવે નહી કે ખેતી કરતા અટકાવે નહી તેવા વચગાળાના મનાઈ હુકમની માંગણી હાલની અરજી લાવી કરેલ છે.

(૨) આ કામમાં પ્રતિવાદીએ નિયત સમયમાં જવાબ રજુ કરેલ ન હોય તેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. અરજી અન્વયે વાદીના વિ.વ.શ્રીએ આંક-૧૪ થી લેખીત દલીલો રજુ કેરલ છે તે વંચાણે લીધી. આ ઉપરાંત પ્રતિવાદીના વિ.એ.જી.પી.શ્રી પી.ડી.વ્યાસની રજુઆતો સાંભળી. વાદીએ મુખ્યત્વે દલીલોમાં એવી રજુઆત કરેલ છે કે સવાલવાળી જમીન વાદીના સસરાના કબજામાં સને ૧૯૫૦ થી હતી. ત્યારબાદ તેણીના લગ્ન થઈ સાસરે આવતા ત્યારબાદ આ જમીનનો કબજો તેના પતિ તથા ત્યારબાદ તેણી પાસે છે અને તેમાં તેઓ ઘણા લાંબા સમયથી ખેતીકામ કરતા આવેલ છે અને દાવાવાળી જમીનના તેઓ એડવર્સ પઝેશનથી માલીક બની ગયેલ છે. આ ઉપરાંત લેખીત દલીલમાં કોર્ટ કમિશ્નરશ્રીએ જે પંચકયાસ કરેલ તેમાં પણ વાદીએ જે હકીકતો જણાવેલ છે તેને સમર્થન મળેલ છે અને કોર્ટ કમિશ્નરશ્રીના પંચનામા મુજબ વાદીનો કબજો હોવાનુ જણાઈ આવે છે. આ સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે, સગવડતા અગવડતાનુ પલ્લુ વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવુ નુકશાન જાય તેમ છે. આ સંજોગોમાં માંગણી મુજબ મનાઈ હુકમ આપવા રજુઆત કરવામાં આવેલ છે.

(૩) આ કામના વિ.એ.જી.પી.શ્રી પી.ડી.વ્યાસની મુખ્યત્વે એવી રજુઆત છે કે હાલના વાદીને દાવો લાવવા કોઈ કારણ નથી, કાયદેસર રીતે હાલના સ્વરુપમાં હાલનો દાવો ચાલવાપાત્ર નથી. કોઈપણ પક્ષકાર પોતે એડવર્સ પઝેશનથી માલીક બની ગયેલ છે તેવી કાયદેસર રીતે વાદી તરીકે આવી દાદ મળી શકે નહી અને એડવર્સ પઝેશનથી માલીક બની ગયેલ છે તેવુ ઠરાવી શકાય નહી. આ ઉપરાંત

એડવર્સ પઝેશન અંગેની જરુરી હકીકતો, જરુરીયાતો અને આધાર પુરાવાઓ વાદી રેકર્ડ પર લાવેલા નથી. વાદીએ રજુ કરેલ પુરાવો જોવામાં આવે તો સવાલવાળી જમીનના માલીક શ્રી સરકાર છે અને તે તળાવવાળી જગ્યા છે અને તેમાં ખોટી રીતે વાદી પોતે કબજો કરી લેવાના હેતુથી હાલનો દાવો લાવેલા છે. આ પ્રકારની વ્યકિતઓને કોઈ સમન્યાયી દાદ આપી શકાય નહી. આ ઉપરાંત વાદી જણાવે છે તેવી કોઈ હકીકતો કોઈ અધીકારીએ કોઈ કામગીરી કરેલ હોય તેના કોઈ આધાર પુરાવાઓ વાદીએ રજુ કરેલ નથી. વાદીએ દાવો દાખલ કરવા ખોટા કારણો બતાવી દાવો દાખલ કરેલ છે. મુળભુત રીતે આ પ્રકારની વ્યકિતઓને સમન્યાયી દાદ મળી શકે નહી. આ સંજોગોમાં હાલની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૪) ઉપરોકત હકીકતોએ હાલની અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શુ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શુ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફણેમાં છે ?

૩. શુ આ તબકકે મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંમાં આંકી ન શકાય તેવુ નુકશાન જાય તેમ છે ?

૪. શુ હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | નકારમાં |
| મુદ્દા નં.૨ | નકારમાં |
| મુદ્દા નં.૩ | નકારમાં |
| મુદ્દા નં.૪ | આખરી હુકમ મુજબ |

**-:: કારણો ::-**

**મુદ્દા નં.૧ થી ૩**

ઉપરોકત ત્રણેય મુદ્દાઓ પરસ્પર એકબીજા સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાના આશયથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૬) આ કામના વાદીનો કેસ જોવામાં આવે તો વાદીની રજુઆત મુજબ સને ૧૯૫૦ ના અરસાથી વાદીના સસરા દાવાવાળી જમીન ખેડતા હતા અને ત્યારબાદ તેણીના પતિ અને હાલની તેણી આ જમીન સતત પ્રતિવાદીઓની જાણ અને માહિતીમાં ખેડતા આવેલ છે અને તેવા કારણથી તેઓ એડવર્સ પઝેશનથી જમીનના માલીક બની ગયેલાના આધારે કબજો મેળવતા હોય તેના રક્ષણ માટે વાદીની માંગણી છે. વાદીએ પોતે રજુ કરેલ દસ્તાવેજ પરથી આ જમીનની માલીકી બિન તકરારી રીતે શ્રી સરકારની હોવાનુ જણાય છે તથા રેવન્યુ રેકર્ડ પરથી આ તળાવવાળી જગ્યા હોવાનુ જણાય છે. કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત મુજબ કોઈ પક્ષકાર વિરુધ્ધ કબજાથી માલીક બની ગયેલ તેવી કોઈ દાદ મળી શકે નહી. જો કોઈ વ્યકિત આવા કબજામાંથી તેઓને દુર કરી રહેલ હોય અને કાયદેસરનો કેસ થયેલ હોય ત્યારે પ્રતિવાદી થઈ બચાવ લઈ શકે. આ અદાલતના અભિપ્રાય મુજબ વાદી પોતે દાવાવાળી જમીનના એડવર્સ પઝેશનથી માલીક બની ગયેલ છે તેવુ ઠરાવવા માંગણી કરી શકે નહી. આ અદાલતના નમ્ર અભિપ્રાય મુજબ નાગરીકોની એવી વર્તણુંકથી શ્રી સરકાર કોઈ જમીનમાં પેશકદમી કરી લઈ ન્યાયીક અદાલત પાસેથી જો કોઈ કબજો મેળવી લીધેલ હોય તો તેવા કબજાના રક્ષણ માટે આવી શકે નહી. ન્યાયીક અદાલત આવા પક્ષકાર કે જે મુળભુત રીતે કાયદામાં માનનાર નથી અને શ્રી સરકારની જમીન મેળવી લેવાની કામગીરી કરવા પ્રયત્ન કરે છે તેને કોઈ દાદ આપી શકાય નહી. આ સંજોગોમાં આ અદાલતના નમ્ર અભિપ્રાય મુજબ વાદીનો મુળભુત રીતે કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી, સગવડતા અગવડતાનુ પલ્લુ વાદીની તરફેણમાં વિચારી શકાય નહી અને આ તબકકે મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવુ નુકશાન જતુ હોવાનુ પણ વિચારી શકાય નહી. આ ઉપરાંત મુળભુત રીતે કયા અધીકારીએ અને કયારે કબજો છોડાવવા માટે કામગીરી કરેલ તેના કોઈ દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરેલ નથી ત્યારે દેખીતી રીતે વાદીને દાવો લાવવા કોઈ કારણ ન હોય સમગ્ર રીતે વાદીનો આ અદાલતના અભિપ્રાય મુજબ કોઈ કેસ ન હોય મુદ્દા નં.૧ થી ૩ ને નકારમાં નિર્ણિત કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

– વાદીની આંક–૫ ની મનાઈ અરજી આથી રદ કરવામાં આવે છે.

– ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરસે.

હુકમ આજ તારીખ ૫ માહે ફેબ્રુઆરી, સને–૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. કલોલ.
તા.૫/૨/૨૦૧૬

(પરેશ મોહનલાલ સાચાણી)
જીજે૦૦૫૭૫
પ્રિન્સિ. સીની. સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી., કલોલ

ડીવીપી/કલોલ